**<u>રેગ્યુલર દીવાની કેસ નં.૦૮/૨૦૦૮ ના કામે ઓર્ડર–૨૩, રુલ–૩ ની અરજીના કામે આંક–૭૫ તળે હુકમ.</u>**

(૧)... હાલની અરજી વાદી તથા પ્રતિવાદી નં.૧ નાઓએ સી.પી.સી. ઓર્ડર–૨૩, રુલ–૩ મુજબની આપી, તે અરજીમાં જણાવેલ હકીકતો મુજબનું સમાધાનનું કરાર દારનું હુકમનામું કરી આપવા માટે દાદ માંગેલ જે અરજી મારા પુરોગામી વિદ્ધાન જજ સાહેબશ્રી દ્ધારા સુનવણી માટે મુલત્વી રાખવામાં આવેલ અને જેની સામે પ્રતિવાદી નં.ર તરફે આંક–૮૦ થી વાંધો રજુ કરવામાં આવેલ.

(૨)... ત્યાર બાદ , પક્ષકારોની દલીલો સાંભળી.

(૩)... પક્ષકારો તર્ફેની અરજી તથા વાંધા જવાબ તથા દલીલોના આધારે રેકર્ડ ધ્યાને લેતાં, સૌપ્રથમ એ હકીકત ફલિત થાય છે કે, વાદીએ તેઓની દાવા અરજીના પેરા નં.૩ માં એ.બી.સી.ડી. થી જણાવેલ મિલકતોમાં વાદી તથા પ્રતિવાદીઓનો સંયુકત હિસ્સો સમાયેલ હોય અને તે તમામ મિલકતોમાં વાદીનો ત્રીજા ભાગનો હીસ્સો રહેલ હોય, તેઓને ત્રીજા ભાગના માલીક તરીકે ઠરાવવાનો હુકમનામું મેળવવા તથા તેઓના ભાગની જમીન હદ નિશાનીથી અલગ કરી આપવા હુકમ કરવા દાદ માંગેલ છે. તેના ઉપર થી ફલીત થાય છે કે, સદર જમીનોમાં વાદી તથા પ્રતિવાદી નં.૧ તથા ર નો સંયુકત હિસ્સો રહેલ છે, જયારે કરાર દાદથી હુકમનામું મેળવવાની અરજી ફકત વાદી તથા પ્રતિવાદીનં ૧ નાઓએ સંયુકત સંમતિથી આપેલ છે અને જેની સામે પ્રતિવાદી નં.ર નાઓએ વાંધો લીધેલ છે. જેના ઉપરથી ફલિત થાય છે કે, સી.પી.સી. ઓર્ડર ૨૩, રુલ–૩ ની જોગવાઈઓ મુજબ તમામ પક્ષકારોએ હાલની અરજી કરેલ નથી અને તેવા સંજોગોમાં તમામ પક્ષકારોની સંમતિની ગેરહાજરીમાં હકત વાદી તથા પ્રતિવાદી નં.૧ સંયુકત સંમતિ આપતા હોય ત્યારે તેઓ કાયદાકીય જોગવાઈઓ મુજબ આવુ હુકમનામું મેળવી શકે નહી. તેમજ આ કામે વાદીએ તેઓની દાવા અરજીમાં તમામ જમીનોમાં તેઓનું ત્રીજો હીસ્સો સમાયેલ હોવાનું જણાવેલ છે જયારે હાલની અરજીમાં ફકત સર્વે નં.૫૪૫ પૈકી ૧ વાળી જમીનમાં તેઓનો આશરે ૧૦ વીઘા જેટલો ભાગે મેળવી બાકીની જમીનોમાં પ્રતિવાદી નં. ૧ ની તરફેણમાં હકક જતો કરેલ છે. જેના ઉપરથી પણ ફલિત થાય છે કે, વાદી તથા પ્રતિવાદી નં.૧ નાઓ ભેગા મળી કાયદાકીય જોગવાઈઓ હેઠળ અત્રેની કોર્ટમાં પ્રતિવાદી નં.ર ની સંમતિ વીના હાલની અરજી કરી સમાધાનથી કરાર દાદનું હુકમનામું મેળવવાની અરજી કરી પ્રતિવાદી નં. ૨ ના

હીતને નુકસાન પહોંચાડવાનું કૃત્ય કરેલ હોય તેવા સંજોગોમાં પણ તેઓ તર્ફેની હાલની અરજી પ્રતિવાદી નં.ર ના હીતને નુકસાન કરતી હોય, મંજુર કરવા પાત્ર થતી નથી.

(૪)... આમ, ઉપરોકત કરેલ ચર્ચાઓ અને હકીકતોને આધારે વાદી તથા પ્રતિવાદી નં.૧ નાઓએ ભેગા મળી જઈ તેઓની જમીનામાં રહેલ ત્રીજા ભાગના હીસ્સા જેટલી જમીનોની વહેંચણી નહી કરી અને અન્ય જમીનોમાંથી વાદીએ પોતાનો હકક જતો કરી, પ્રતિવાદી નં. ર ના હકક હીતને નુકસાન કરવાનો પ્રયત્ન કેરલ છે તેવું સ્પષ્ટ ફલિત થાય છે. અને તેવા સંજોગોમાં તેઓની હાલની અરજી મંજુર કરવા પાત્ર થતી નથી.

(પ)... આમ, ઉપરોકત કરેલ ચર્ચાઓના આધારે અને રેકર્ડ હકીકતો ધ્યાને લેતાં વાદી તથા પ્રતિવાદી નં.૧ નાએ કાયદાકીય જોગવાઈઓનો દુરપયોગ કરી, હાલની ખોટી અરજી, ખોટી હકીકતો જણાવી પ્રતિવાદી નં.ર ના હીતને નુકસાન કરવાના અર્થે કરેલ હોવાનું ફલિત થતું હોય, જો તેઓની હાલની અરજી કોસ્ટ સાથે નામંજુર કરવામાં આવે તો ભવિષ્યમાં આવી અરજીઓ અટકાવી શકાય અને અને ન્યાયનો હેતુ પણ જળવાય રહે તેમ હોય વાદીની તથા પ્રતિવાદી નં.૧ તર્ફેની હાલની અરજી મંજુર કરવા પાત્ર જણાતી ન હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>—:: આખરી હુકમ ::—</u>**

(અ) વાદી તથા પ્રતિવાદી નં.૧ તર્ફે હાલની સમાધાનથી કરારદાદનું હુકમનામું મેળવવા અરજી ના મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(બ) વધુમાં હુકમ કરવામાં આવે છે કે, વાદીએ કોસ્ટ પેટે રૂા.૧,૦૦૦/— (અંકે રૂપિયા એક હજાર) તથા પ્રતિવાદી નં.૧ નાઓએ કોસ્ટ પેટે રૂા.૧,૦૦૦/— (અંકે રૂપિયા એક હજાર) હાલના હુકમ થયેથી દીન—૧૫ માં ડીસ્ટ્રીકટ સર્વિસ લીગલ ઓથોરિટી, મોરબી ખાતે જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે.

(ક) વધુમાં, હુકમ કરવામાં આવે છે કે, ઉપરોકત કોસ્ટની રકમ પક્ષકારોને જણાવેલ સમયમર્યાદામાં જમા કરાવવામાં નિષ્ફળ જાય તો અત્રેની કોર્ટનાં રજીસ્ટ્રારશ્રીને તે રકમ વસુલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે અને તેઓને આદેશ કરવામાં આવે છે કે, સદર રકમ રેવન્યુ રાહે વસુલ કરવા તેઓએ કાયદાકીય જોગવાઈ મુજબ કાર્યવાહીઓ કરવી

અને સદર રકમ વસુલ થયેથી અત્રેની કોર્ટમાં રીપોર્ટ કરવો.

(ડ) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ તારીખ– ૨૨ મી, માહે:–ઓગસ્ટ, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, જાહેર કર્યો.

તા.૨૨/૦૮/૨૦૨૪ **( એ. એલ. પઠાણ )**
હળવદ. એડી.જ્યુ. મેજીસ્ટ્રેટ,(ફ.ક.),હળવદ
U.I.C. NO. GJ01684.